જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૧૧/૨૦૧૭ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૬૯/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૮૫ કેસ કરી, ૭૭ વ્યક્તિઓને ઝડપી, ૨૪૯ લીટર દેશી દારૂ, ૩૪૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૦ બીયરટીન, ૦૩ મોટર સાયકલ, ૦૨ રિક્ષા અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૨,૩૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૭૦/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ૧૯૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડી :- સમાચાર યાદી નં.૨૨૭૧/૧૭**

**સરદારનગરઃ** હિરાભાઇ પ્રેમચંદભાઇ ચંદાણી (રહે,ગંગા જમના એપાર્ટમેન્ટ પટેલનગર એલીસબ્રીજ નવરંગપુરા) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૧૧/૧૭ બપોરનાં ૧/૦૦ વાગ્યાનાં સુમારે પોતાની કુબેરનગર એમ.જી.સ્કુલની સામે ભાવના કપડા દુકાનમાંથી આરોપી દીનેશ સિંધી અને (૨) હરેશભાઇ દુઆબાનુમલ ગ્યાની (બંને રહે, આંબાવાડી સરદારનગર) એ ભેગામળી હિરાભાઇને વિશ્વાસમાં લઇ, તેમની પાસેથી કુલ રૂપિયા ૧,૩૫,૮૩૭/- મતાનાં કપડાની ખરીદી કરી, તે પેટે હિરાભાઇને ખોટી સહિ વાળો ચેક આપી હિરાભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી હાંસોલ ચોકી નાઓ ચલાવે છે.

**ચોરીઃ- સમાચાર યાદી નં.૨૨૭૨/૧૭**

**ઘાટલોડીયા :** ઉદીત દિક્ષિતભાઇ પંચાસરા (ઉ.વ.૨૭)(રહે,અમોઘ એપાર્ટમેન્ટ, હાઇલેન્ડપાર્ક પાછળ સુભાષચોકની બાજુમાં ગુરૂકુળ રોડ) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૧૧/૧૭ ના કલાક ૮/૧૫ થી ૯/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, લેપટોપવાળી બેગ કે જેમાં લેપટોપ, લેપટોપનું ચાર્જર, ચશ્મા, કાંડા ઘડીયાળ તેમજ વોડાફોન કંપનીનુ ડોન્ગલ અને આઇફોન-૬ મોબાઇલ મળી કુલ કિંમત રૂપિયા ૪૬,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી નિતીનકુમાર શાલીગ્રામ ચલાવે છે.

**પડી જતાં મૃત્યુઃ** **સમાચાર યાદી નં.૨૨૭૩/૧૭**

**જીઆઈડીસી વટવાઃ** શૈલેષભાઈ કાયાભાઈ અહારી (ઉ.વ.૨૦) (રહે.વિંઝોલ ગામ હેમરાજસિંહ રાઠોડની વાડીમા જીઆઈડીસી વટવા) તા.૧૦/૧૧/૧૭ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે સમયે ફૈઝ-૨ મા આવેલ ભગવતી ડાઈઝ એન્ડ કેમીકલ લી.કંપનીમાં કડિયા કામ કરતી વખતે સ્લીપ ખાઈ જતા પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે એલ.જી.હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે જીઆઈડીસી વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.ગૌસ્વામી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૨૭૪/૧૭**

**મેઘાણીનગરઃ** જેકોબ થોમસ ક્રિશ્ચયન (ઉ.વ.૫૧)(રહે.ભગવાનભાઇની ચાલી લક્ષ્મીનગર મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૮/૧૧/૧૭ કલાક ૯/૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જયાં સારવાર દરમ્યાન તા.૧૦/૧૧/૧૭ કલાક ૬/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુઆ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દિલીપસિહ ગંભીરસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.